# મેમોરિયલ હરમૅન હેલ્થ સિસ્ટમ
# નીતિ

**નીતિ શીર્ષક:** આર્થિક સહાયતા નીતિ

**પ્રકાશનની તારીખ:** 12/19/2017
**સંસ્કરણ:** 4

---

**નીતિનો હેતુ:**

મેમોરિયલ હરમૅન હેલ્થ સિસ્ટમ ("MHHS") આંતરિક મહેસૂલી સંહિતા વિભાગ 501(c)(3)ને આધીન હોસ્પિટલોનું સંચાલન કરે છે, જે હૅરિસ, મૉન્ટગોમરી, ફોર્ટ બૅન્ડ અને આસપાસનાં પરગણાંઓના લોકોની સ્વાસ્થ્યસંભાળની જરૂરિયાતો પૂરી કરે છે. MHHS વીમા રક્ષણ રહિત અને અપૂરતું વીમા રક્ષણ ધરાવતા લોકો કે જેમને તાકીદની અથવા તબીબી રીતે જરૂરી સેવાઓની જરૂર હોય તેમને દર્દીની ચૂકવણી કરવાની ક્ષમતા ને ધ્યાનમાં લીધા વિના કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના સામાજિક લાભો પૂરા પાડવા માટે પ્રતિબદ્ધ છે.

આ આર્થિક સહાયતા નીતિ ("FAP")નો હેતુ MHHS જે લોકોને પોતાના સમાજમાં સેવાઓ પૂરી પાડતું હોય એવા લોકોની ઓળખ કરવા માટે અને તેમને આર્થિક સહાયતા પૂરી પાડવા માટે એકવ્યવસ્થિત પદ્ધતિ પૂરી પાડવાનો છે.

**વ્યાપ:**

આ FAP વિભાગ 501(c)(3)ને આધીન MHHSની હોસ્પિટલો દ્વારા સંચાલિત રાજ્ય તરફથી મંજૂરીપ્રાપ્ત તમામ હોસ્પિટલ સુવિધાઓને લાગુ પડે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

મેમોરિયલ હરમૅન ગ્રેટર હાઇટ્સ હોસ્પિટલ
મેમોરિયલ હરમૅન કૅટી હોસ્પિટલ
મેમોરિયલ હરમૅન મેમોરિયલ સિટી મેડિકલ સેન્ટર
મેમોરિયલ હરમૅન - ટેક્સાસ મેડિકલ સેન્ટર

- મેમોરિયલ હરમૅન સાયપ્રેસ હોસ્પિટલ

- મેમોરિયલ હરમૅન ઑર્થોપેડિક એન્ડ સ્પાઇન હોસ્પિટલ

મેમોરિયલ હરમૅન નૉર્થઇસ્ટ હોસ્પિટલ
મેમોરિયલ હરમૅન રિહેબિલિટેશન હોસ્પિટલ કૅટી, L.L.C.
મેમોરિયલ હરમૅન સાઉથઇસ્ટ હોસ્પિટલ

- મેમોરિયલ હરમૅન પિયરલૅન્ડ હોસ્પિટલ

મેમોરિયલ હરમૅન સાઉથવેસ્ટ હોસ્પિટલ
મેમોરિયલ હરમૅન શુગર લેન્ડ હોસ્પિટલ
મેમોરિયલ હરમૅન ધ વૂડલૅન્ડ્ઝ મેડિકલ સેન્ટર
TIRR મેમોરિયલ હરમૅન

MHHS ઉપરસૂચિત હોસ્પિટલોના પ્રદાતા આધારિત, આઉટપેશન્ટ વિભાગો તરીકે આઉટપેશન્ટ ઇમેજિંગ સેન્ટરો, સ્પોર્ટ્સ મેડિસિન ઍન્ડ રિહેબિલિટેશન સેન્ટરો અને ઇમર્જન્સી સેન્ટરો ચલાવે છે, અને તેમને આ FAP હેઠળ આવરી લેવામાં આવ્યાં છે.

MHHS આઉટપેશન્ટ નિદાનાત્મક લૅબો પણ ચલાવે છે જેને આ FAP હેઠળ આવરી લેવામાં આવી છે.

<u>નીતિનું નિવેદન:</u>

1. MHHSના દયા અને વ્યવસ્થાપન જેવાં મૂલ્યો સાથે સુસંગત હોય એ રીતે જરૂરિયાતમંદ દર્દીઓને આર્થિક સહાયતા પૂરી પાડવી એ MHHSની નીતિ છે. વધુમાં, આ FAPનો હેતુ એવું માળખું પૂરું પાડવાનો છે જેના હેઠળ MHHS દ્વારા પૂરી પાડવામાં આવતી કટોકટીની અથવા તબીબી રીતે જરૂરી સંભાળ માટે દર્દીઓને આર્થિક સહાયતા મંજૂર કરવામાં આવશે.

2. આ FAP એવા વિશિષ્ટ માપદંડો અને અરજી પ્રક્રિયાને ઓળખે છે જે હેઠળ MHHS આર્થિક સહાયતા એવી વ્યક્તિઓ સુધી વિસ્તારશે જેઓ પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે પૂરી ચૂકવણી કરવા સક્ષમ ન હોય. નોંધ લેશો કે કેટલાક લોકો વિના મૂલ્યે સેવાઓ મેળવવા માટે અનુમાનિત હકદાર હોવાનું માનવામાં આવે છે (જુઓ પ્રક્રિયા વિભાગ 4).

3. આ FAP એવી તમામ કટોકટીની અથવા તબીબી રીતે જરૂરી સંભાળને લાગુ પડે છે કે જે MHHS હોસ્પિટલ દ્વારા પૂરી પાડવામાં આવતી હોય. હોસ્પિટલની બહારના તબીબી સેવાઓના પ્રદાતાઓ માટે આ FAP બંધનકર્તા નથી અને તે ફિઝિશિયનની સેવાઓને લાગુ પડતી નથી. આ FAPના ભાગરૂપે જેમની સેવાઓ આવરી લેવામાં આવતી હોય એવી હોસ્પિટલ સુવિધામાં કટોકટીની અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ પૂરી પાડતાં પ્રદાતાઓની યાદી અને આ FAPના ભાગરૂપે જેમની સેવાઓ આવરી લેવામાં આવતી ન હોય એવા પ્રદાતાઓની યાદી તમે અહીં અમારી વેબસાઇટ પર જોઈ શકો છો: http://www.memorialhermann.org/financialassistanceprogram/. કટોકટી વિભાગ અને હોસ્પિટલના નોંધણી ક્ષેત્રોમાં વિનંતી કરવા પર મફતપેપર કૉપિઝ પણઉપલબ્ધ છે. મફત પેપર કૉપિઝ ટપાલથી પણ મંગાવી શકાય છે અથવા (713) 338-5502 અથવા 1-800-526-2121 પર કૉલ કરીને મંગાવી શકાય છે, વિકલ્પ 5.

4. FAP આર્થિક સહાયતામાં વળતરની રકમગણવામાં MHHS દ્વારા ઉપયોગમાં લેવાતા માપદંડો, જો કોઈ પણ હોય તો, MHHS દ્વારા જે સમાજને સેવાઓ આપવામાં આવે છે તેમાં આ FAPનો બહોળો પ્રચાર કરવા માટે MHHS જે પગલાંઓ લેશે તે, આર્થિક સહાયતા માટેની યોગ્યતા નક્કી કરવા માટે MHHS દ્વારા ઉપયોગમાં લેવાતી પ્રક્રિયા અને આર્થિક સહાયતા માટે અરજીની પ્રક્રિયાને વર્ણવે છે. ચૂકવણી કરવામાં ન આવે તેવા કિસ્સામાં MHHS કરી શકે તેવી કાર્યવાહીઓનું વર્ણન MHHSની અલગ બિલિંગ અને વસૂલી નીતિમાં કરવામાં આવ્યું છે. આ નીતિ MHHSની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાય છે: http://www.memorialhermann.org/financialassistanceprogram/, અથવા કટોકટી વિભાગ અને હોસ્પિટલનાં નોંધણી ક્ષેત્રોમાં મફતપેપર કૉપિ ઉપલબ્ધ છે. મફત પેપર કૉપિઝ ટપાલથી પણ મંગાવી શકાય છે અથવા (713) 338-5502 અથવા 1-800-526-2121 પર કૉલ કરીને મંગાવી શકાય છે, વિકલ્પ 5.

5. આર્થિક સહાયતા માટે યોગ્ય હોવા માટે દર્દીઓ કોઈ પણ જરૂરી સહાયક દસ્તાવેજોની સાથે આર્થિક સહાયતા અરજી (એવા દર્દીઓ જેઓ લાયક હોવાનું અનુમાન કરવામાં આવ્યું ન હોય) પૂરી કરીને સુપ્રત કરે તે જરૂરી છે. આર્થિક સહાયતા અરજીઓ તમે જે સેવાઓ માટે આર્થિક સહાયતાની વિનંતી કરી રહ્યા હો તેના માટે મોકલવામાં આવેલા પ્રથમ બિલિંગ સ્ટેટમેન્ટની તારીખ બાદ મોડામાં મોડા 240 દિવસો સુધીમાં કરવાની હોય છે. પ્રક્રિયા વિભાગ 9માં વર્ણવ્યા

પ્રમાણે અપવાદો મંજૂર કરવામાં આવી શકે છે. આ FAPમાં એવી કોઈ બાબત નથી જે આજે હાલમાં અથવા ભવિષ્યમાં અમલી બનનારા સંઘીય, રાજ્ય અથવા સ્થાનિક કાયદાઓ અને વિનિયમો પરસર્વોપરિતા મેળવી શકે.

6. લાગુ પડતું આર્થિક સહાયતા વળતર લાગુ કર્યા બાદ બાકી રહેતી રકમ કરતાં કોઈ પણ વધારે રકમ દર્દી દ્વારા ચૂકવવામાં આવી હોય તો સંભાળની તમામ યોગ્ય ઘટનાઓ માટે તેનું રિફંડ આપવામાં આવશે.

7. FAP માટેની યોગ્યતા નક્કી કરવા માટે MHHS તરફથી વાજબી પ્રયત્નો કરવામાં આવ્યા છે કે નહિ તે નક્કી કરવા માટેની આખરી સત્તા MHHS પેશન્ટ બિઝનેસ સર્વિસ ઑફિસની રહેશે. આ FAPનો આશય એ MHHSના દયા અને વ્યવસ્થાપનનાં મૂલ્યો સાથે સુસંગત હોય એ રીતે સંસ્થાના સમુદાયને લાભ પહોંચાડવાનો છે. આ FAPનું અસ્તિત્વ એ કોઈ પણ દર્દી-વિશેષને આર્થિક સહાયતાની ઑફર આપતું નથી અને તે કોઈ કરાર હેઠળના અધિકારો અથવા જવાબદારીઓ સર્જતું નથી. ભવિષ્યમાં MHHS દ્વારા આ FAP અપડેટ કરવામાં આવી શકે છે અને બૉર્ડ ઑફ ડિરેક્ટર્સ તથા તેની નિમાયેલ વ્યક્તિ દ્વારા પોતાની સંપૂર્ણ મુનસફી પ્રમાણે મંજૂર કરવામાં આવી શકે છે.

8. અહીં જણાવેલી નીતિઓ અને કાર્યપ્રણાલીઓનો આશય ટેક્સાસના રાજ્ય વિનિયમો અને આંતરિક મહેસૂલી સંહિતાની ક્લમ 501(r)ને સંબંધિત માર્ગદર્શનનું પાલન કરવાનો છે.

<u>શબ્દો અને વ્યાખ્યાઓ:</u>

1. *અરજી:* તેનો અર્થ એ છે કે દર્દી દ્વારા પૂરી કરવી જરૂરી આર્થિક સહાયતા માટેની અરજી.

2. *અરજીનો સમયગાળો:* અરજીના સમયગાળા દરમિયાન MHHS આર્થિક સહાયતા માટેની અરજી સ્વીકારશે અને તેના પરકાર્યવાહી કરશે. અરજીના સમયગાળાની શરૂઆત એ તારીખથી થાય છે જ્યારે વ્યક્તિને સંભાળ પૂરી પાડવામાં આવે અને સંભાળ માટે પ્રથમ બિલિંગ સ્ટેટમેન્ટની તારીખથી 240મા દિવસે તે સમાપ્ત થાય છે.

3. *બિલની સામાન્ય રકમ (AGB):* જે દર્દીઓ આર્થિક સહાયતા માટે લાયક સાબિત થતા હોય તેમની પાસેથી કટોકટીની અથવા તબીબી રીતે જરૂરી સંભાળ માટે વીમા આવરિત દર્દીઓને આપવામાં આવતી બિલની સામાન્ય રકમ (AGB) કરતાં વધારે પૈસા લેવામાં આવશે નહિ.

    a. MHHSની AGBની ટકાવારીની ગણતરી માટે "લૂક-બૅક" પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે જે મેડિકેરની શુલ્ક સાથેની સેવાની ચૂકવણીની કુલ રકમને અગાઉના 12 મહિનાના સમયગાળા માટે તે દાવાઓ માટેના કુલ ચાર્જ વડે ભાગવાથી મળતી રકમ છે. આર્થિક સહાયતા માટે લાયક સાબિત થતાં દર્દીઓને આપવામાં આવતા વળતરની સમીક્ષા AGBની ટકાવારીની મર્યાદાઓ સામે કરવામાં આવશે જેથી દર્દીઓ પાસેથી AGB કરતાં વધારે ચાર્જ લેવામાં આવે નહિ એની ખાતરી કરી શકાય.

    b. AGB ટકાવારી FAPની પુરાવો A - બિલની સામાન્ય રકમ ગણતરી માં મળી શકે છે.

    c. AGBની સુધારેલી ટકાવારીની વાર્ષિક ગણતરી કરવામાં આવશે અને વર્ષની શરૂઆત બાદ 120મા દિવસ સુધીમાં તે લાગુ કરવામાં આવશે.

4. *કુટુંબની કુલ વાર્ષિક આવક:* કર લાગુ પડે તે પહેલાં તમામ સ્રોતોમાંથી થતી કુટુંબની વાર્ષિક આવક અને રોકડ લાભોના સરવાળામાંથી ચાઇલ્ડ સપોર્ટ માટે કરેલી ચૂકવણી બાદ કરવામાં આવે છે અને તે અંગે યુનાઇટેડ સ્ટેટ્સ આંતરિક મહેસૂલ સેવાને જાણ કરવાની હોય છે. કુટુંબની કમાણી, બેરોજગારી વળતર, કામદારનું વળતર, સામાજિક સુરક્ષા, પૂરક સુરક્ષા આવક, સાર્વજનિક સહાયતા, લશ્કરી દળોમાં સેવા આપી ચૂકેલા સૈનિકોની ચૂકવણીઓ, સર્વાઇવરના લાભો, પેન્શન અથવા નિવૃત્તિની આવક, વ્યાજ, ડિવિડન્ડ, ભથ્થું, ચાઇલ્ડ સપોર્ટ અને અન્ય સ્રોતોમાંથી થતી આવકનો સમાવેશ થાય છે, પરંતુ તે માત્ર તેના પૂરતી મર્યાદિત નથી.

5. *વૈકલ્પિક સેવાઓ:* જેના માટે તાત્કાલિક ઉપચારની જરૂર ન પડે એવા રોગની સારવાર કરવા માટેની સેવાઓ. વૈકલ્પિક સેવાઓમાં એવી કાર્યપ્રણાલીઓનો સમાવેશ થાય છે જે દર્દી માટે લાભદાયી હોય, પરંતુ તાકીદની ન હોય અને તેમાં તબીબી રીતે જરૂરી સેવાઓ તથા બિન=તબીબી રીતે જરૂરી સેવાઓ, જેમ કે માત્ર બાહ્ય દેખાવ સુધારવાના હેતુથી કરવામાં

આવતી કૉસ્મેટિક અને ડેન્ટલ સર્જરી અથવા સ્વાસ્થ્ય વીમા યોજનાઓ દ્વારા વિશિષ્ટપણે આવરી લેવામાં આવતી ન હોય એવી અન્ય વૈકલ્પિક કાર્યપ્રણાલીઓનો સમાવેશ થાય છે. તબીબી રીતે જરૂરી ન હોય એવી વૈકલ્પિક સેવાઓને આર્થિક સહાયતા માટે ધ્યાન પર લેવામાં આવશે નહિ.

6. *કટોકટીની સેવાઓ:* પૂરતી ગંભીરતા સાથેનાં તીવ્ર લક્ષણોવાળા રોગ માટે દર્દીને પૂરી પાડવામાં આવતી સેવાઓ (તીવ્ર પીડા સહિત), કે જેમાં તાત્કાલિક તબીબી સારવારની ગેરહાજરીને પરિણામે વ્યક્તિના સ્વાસ્થ્ય પર ગંભીર જોખમ ઊભું થવાની વાજબી સંભાવના હોય (અથવા ગર્ભવતી સ્ત્રીની બાબતમાં, સ્ત્રી કે તેના ગર્ભસ્થ શિશુ પર જોખમ ઊભું થાય) અથવા શારીરિક કાર્યો કરવામાં ગંભીરપણે નબળાઈ આવે અથવા શરીરનું કોઈ પણ અંગ કે ભાગ ગંભીરપણે ક્ષતિગ્રસ્ત થઈ શકે.

7. *વસૂલીની અસાધારણ કાર્યવાહીઓ (ECAs):* આ  વસૂલીની એવી કાર્યવાહીઓ છે, જેના માટે કાનૂની અથવા ન્યાયિક પ્રક્રિયાની જરૂર પડે છે અને તેમાં અન્ય પક્ષકારને ઋણ વેચવાનો અથવા ક્રેડિટ એજંસીઓ કે બ્યુરોને પ્રતિકૂળ માહિતી વિશે જાણ કરવા જેવી અન્ય પ્રવૃત્તિનો પણ સમાવેશ થઈ શકે છે. MHHS ECAs જેવી પ્રવૃત્તિઓમાં સામેલ થતું નથી કે પોતાના વસૂલી વિક્રેતાઓને ECAsમાં પ્રવૃત્ત થવાની પરવાનગી આપતું નથી. MHHSની વસૂલીની નીતિઓ અંગેની વધુ માહિતી MHHSની અલગ MHHS બિલિંગ અને વસૂલીની નીતિઓમાં મળી શકે છે; આ  નીતિની મફતનકલો ઑનલાઇન આ  લિંક પર ઉપલબ્ધ છે: http://www.memorialhermann.org/financialassistanceprogram/ અથવા મફત પેપર કૉપિઝ કટોકટી વિભાગ અથવા હોસ્પિટલનાં નોંધણી ક્ષેત્રોમાં વિનંતી કરવા પર અથવા (713) 338-5502 અથવા 1-800-526-2121 પર કૉલ કરવાથી મળી શકે છે, વિકલ્પ 5.

8. *કુટુંબ:* દર્દી, દર્દીના જીવનસાથી/સિવિલ યુનિયન પાર્ટનર, દર્દીનાં માતાપિતા અથવા વાલીઓ (દર્દી સગીર હોય તો) અને દર્દીના કે માતાપિતાના આવકવેરા રિટર્નમાં ક્લેઇમ કરવામાં આવેલા કોઈ પણ આશ્રિતો જે દર્દીના અથવા તેમનાં માતાપિતા કે વાલીઓના ઘરે રહેતાં હોય.

9. *સંઘીય ગરીબી સ્તર ("FPL"):* આવકનું એવું સ્તર જેમાં વ્યક્તિ ગરીબીની પ્રારંભિક હદ પર હોવાનું માનવામાં આવે. કુટુંબના એકમના કદ પ્રમાણે આ આવકના સ્તરમાં વધઘટથાય છે. યુનાઇટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ ઍન્ડ હ્યુમન સર્વિસીઝ દ્વારા ગરીબીનું સ્તર દરવર્ષે અપડેટ કરવામાં આવે છે અને ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશિત કરવામાં આવે છે. આ FAPના હેતુઓ માટે આ પ્રકાશિત માર્ગદર્શિકાઓમાં સૂચવેલ ગરીબી સ્તર કુલ આવક દર્શાવે છે. આ FAPના હેતુઓ માટે જેનો ઉપયોગ થાય છે તે FPL દર વર્ષે અપડેટ કરવામાં આવશે.

    a. વર્તમાન FPL, FAPના પુરાવો B - સંઘીય ગરીબીની માર્ગદર્શિકાઓ માં જોવા મળી શકે છે.

10. *આર્થિક સહાયતા:* આર્થિક સહાયતાનો અર્થ છે MHHS દ્વારા એવા દર્દીઓને આપવામાં આવતી સહાયતા જેઓ FAPમાં વ્યાખ્યાયિત કેટલાક આર્થિક અને અન્ય યોગ્યતાના માપદંડોને પૂરા કરતા હોય જેથી તેઓ હોસ્પિટલના વાતાવરણમાં MHHS દ્વારા પૂરી પાડવામાં આવતી તબીબી રીતે જરૂરી અથવા કટોકટીની સ્વાસ્થ્યસંભાળ સેવાઓ માટે ચૂકવણી કરવા જરૂરી આર્થિક સંસાધનો પ્રાપ્ત કરી શકે. લાયક દર્દીઓમાં વીમા આવરણ વિનાના દર્દીઓ, ઓછી આવકવાળા દર્દીઓ અને જેઓ આંશિક કવરેજ ધરાવતા હોય, પરંતુ જેઓ તેમના તબીબી બિલોની બાકીની રકમ પૈકીની અમુક કે બધી રકમ ચૂકવવા માટે સક્ષમ ન હોય એવા દર્દીઓનો સમાવેશ થઈ શકે છે.

11. *તબીબી રીતે જરૂરી સેવાઓ*: રોગના નિદાન, પ્રત્યક્ષ સંભાળ અને તબીબી અવસ્થાની સારવાર માટે પૂરી પાડવામાં આવતી સેવાઓ અથવા પુરવઠો, જે સ્થાનિક ક્ષેત્રમાં સારા તબીબી અભ્યાસનાં ધોરણો પૂરાં કરે, જેને મેડિકેર અથવા મેડિકેઇડ કાર્યક્રમો દ્વારા આવરી લેવામાં અને તબીબી રીતે જરૂરી હોવાનું માનવામાં આવે અને તે મુખ્યત્વે દર્દી કે ફિઝિશિયનની સુગમતા માટે ન હોય. તબીબી રીતે જરૂરી સેવાઓમાં કૉસ્મેટિક સર્જરી અથવા બિનતબીબી સેવાઓ, જેમ કે સામાજિક, શૈક્ષણિક અથવા વ્યાવસાયિક સેવાઓનો સમાવેશ થતો નથી.

12. *સરળ ભાષામાં સાર ("PLS"):* MHHSની FAPના સરળ ભાષામાં સારમાં નીચેનાનો સમાવેશ થાય છે: (a) યોગ્યતાની આવશ્યકતાઓ અને આપવામાં આવતી સહાયતાનું ટૂંકું વિવરણ; (b) જ્યાં આર્થિક સહાયતા અરજીઓ મેળવી શકાય એવી વેબસાઇટ અને ભૌતિક સ્થાનોની યાદી;

(c) FAPની મફત પેપર કૉપિ કેવી રીતે મેળવવી તે અંગેની સૂચનાઓ; (5) અરજીની પ્રક્રિયામાં સહાયતા માટે સંપર્કની વિગતો; (6) FAP અને સંબંધિત દસ્તાવેજોના ભાષાંતરોની ઉપલબ્ધતા; અને (7) એ બાબતની પુષ્ટિ કરતું નિવેદન કે જે દર્દીઓ આર્થિક સહાયતા માટે લાયક હોવાનું માનવામાં આવે તેમની પાસેથી કટોકટી અથવા તબીબી રીતે જરૂરી સેવાઓ માટેના સામાન્ય બિલની રકમ કરતાં વધુ પૈસા લેવામાં આવશે નહિ.

13. *અનુમાનિત યોગ્યતા અથવા યોગ્ય હોવાનું અનુમાન:* વિશિષ્ટ માપદંડોના સંદર્ભથી કરાયેલ આર્થિક સહાયતાની યોગ્યતાનું નિર્ધારણ કે જે આર્થિક સહાયતા અરજી પૂરી કર્યા વિના વીમા આવરણ રહિત દર્દીના પક્ષે આર્થિક જરૂરિયાત દર્શાવતા હોવાનું નક્કી કરવામાં આવે.

14. *વાજબી પ્રયત્નો:* હોસ્પિટલમાંથી રજા મળે એ પહેલાં દર્દીને FAPનો સરળ ભાષામાં સાર આપીને MHHSની FAP વિશે દર્દીને અધિસૂચના પૂરી પાડવા માટે MHHS વાજબી પ્રયત્નો કરશે. વધુમાં, MHHS દર્દીઓને MHHS FAP વિશે જાણ કરવા માટે નીચેનાં પગલાંઓ લેશે:

    a. *અધૂરી અરજીઓ:* જો દર્દી અને/અથવા કુટુંબીજનો અધૂરી અરજી સુપ્રત કરે તો MHHS એવી લેખિત અધિસૂચના પૂરી પાડશે જેમાં કઈ વધારાની માહિતી અથવા દસ્તાવેજો જરૂરી છે તેનું વર્ણન હશે.

    b. *પૂરી કરેલી અરજીઓ:* જો દર્દી અને/અથવા દર્દીના કુટુંબીજન સંપૂર્ણ આર્થિક સહાયતા અરજી સુપ્રત કરે તો MHHS એવા નિર્ણયને નોંધતી લેખિત અધિસૂચના પૂરી પાડશે કે દર્દી સમયસર આર્થિક સહાયતા માટે લાયક છે કે નહિ અને તે દર્દીને નિર્ણય વિશે (જેમાં લાગુ પડતું હોય તો દર્દી જેના માટે લાયક હોય તે સહાયતા સહિત) અને તે નિર્ણયના આધાર વિશે લેખિતમાં જાણ કરે છે. અધિસૂચનામાં આર્થિક સહાયતા માટે ટકાવારીની રકમ (માન્ય અરજીઓ માટે) અથવા નકાર માટેનું(નાં) કારણ(ણો) તથા જ્યાં લાગુ પડતું હોય ત્યાં દર્દી અને/અથવા કુટુંબીજનો તરફથી અપેક્ષિત ચૂકવણી સામેલ હશે. દર્દી અને/અથવા કુટુંબીજનો પૂરી કરાયેલ અરજીના મૂલ્યાંકન દરમિયાન સ્ટેટમેન્ટ્સ મેળવતાં રહેશે.

c. *દર્દીનાં સ્ટેટમેન્ટ્સ:* દર્દીના ખાતા અને બાકી નીકળતી રકમ વર્ણવતાં શ્રેણીબદ્ધ સ્ટેટમેન્ટ્સ MHHS મોકલશે. દર્દીનાં સ્ટેટમેન્ટ્સમાં એવી વિનંતીનો સમાવેશ થશે કે દર્દી MHHSને કોઈ પણ ઉપલબ્ધ સ્વાસ્થ્ય વીમા કવરેજ, MHHS FAPની નોટિસ, આર્થિક સહાયતાની વિનંતી કરવા માટે ટેલિફોન નંબર અને જ્યાં FAPના દસ્તાવેજો મેળવી શકાય એવા વેબસાઇટ સરનામાં અંગે જાણ કરવા માટે જવાબદાર છે.

d. *MHHSની વેબસાઇટ:* MHHSની વેબસાઇટો મહત્ત્વની જગ્યાએ એવી નોટિસ પોસ્ટ કરશે કે આર્થિક સહાયતા ઉપલબ્ધ છે અને તેની સાથે આર્થિક સહાયતાની અરજી પ્રક્રિયાની સમજૂતી આપવામાં આવી હશે. MHHS FAP હેઠળ આવરી લેવામાં આવેલા અને ન આવરી લેવામાં આવેલા પ્રદાતાઓની યાદી, સરળ ભાષામાં સાર, આર્થિક સહાયતા અરજી, અને MHHSની વેબસાઇટ પર બિલિંગ અને વસૂલીની નીતિ સાથે આ FAP પોસ્ટ કરશે: http://www.memorialhermann.org/financialassistanceprogram/. MHHS એવી વ્યવસ્થા કરશે કે કટોકટી વિભાગ અને નોંધણીનાં ક્ષેત્રોમાં વિનંતી કરવા પર આ દસ્તાવેજોની મફત પેપર કૉપિઝ ઉપલબ્ધ બને.

15. *અપૂરતું વીમા રક્ષણ ધરાવતા દર્દી:* વીમાની પૉલિસી હેઠળ સમગ્રપણે અથવા આંશિક રીતે કવર થયેલા દર્દી કે જેમને કટોકટીની અથવા તબીબી રીતે જરૂરી સંભાળ મેળવવાના પરિણામે ખિસ્સા બહારના અનપેક્ષિત ખર્ચ થાય કે જે મેળવેલી સંભાળ માટે બાકી વધેલા બેલેન્સની ચૂકવણી કરવાની તેમની ક્ષમતા કરતાં વધી જાય.

16. *વીમા આવરણ રહિત દર્દી:* સ્વાસ્થ્ય વીમાની પૉલિસી હેઠળ સમગ્રપણે અથવા આંશિક રીતે આવરી લેવામાં આવેલ ન હોય અને જેઓ સરકારી અથવા ખાનગી સ્વાસ્થ્ય વીમા, સ્વાસ્થ્ય લાભ, અથવા અન્ય સ્વાસ્થ્ય કવરેજ કાર્યક્રમ (જેમાં ખાનગી વીમા, મેડિકેર અથવા મેડિકેઇડ અથવા ગુનાના પીડિતો માટેની સહાયતાનો કોઈ મર્યાદા વિના સમાવેશ થાય છે) હેઠળ લાભાન્વિત ન હોય અને જેમની ઈજા કામદારોનાં વળતર, વાહન વીમો અથવા જવાબદારી અથવા અન્ય ત્રાહિત પક્ષના વીમાના હેતુઓ માટે વળતરપાત્ર ન હોય જે દર્દી દ્વારા પૂરા

પાડવામાં આવતા દસ્તાવેજો અને માહિતીને આધારે MHHS દ્વારા નક્કી કરવામાં આવે અથવા MHHS દ્વારા પૂરી પાડવામાં આવતી સ્વાસ્થ્યસંભાળ સેવાઓની ચૂકવણી માટે અન્ય સ્રોતોમાંથી મેળવવામાં આવેલ હોય.

<u>**સમીક્ષાના માપદંડો:**</u>

1. *સંવાદ:* અમારાં દર્દીઓ, કુટુંબો અને વ્યાપક સમુદાયને આર્થિક સહાયતાની પ્રાપ્યતા વિશે માહિતગાર કરવા માટે MHHS દર્દીઓ અને મુલાકાતીઓને આર્થિક સહાયતાની પ્રાપ્યતાની જાણ કરવા માટે અને દરેક હોસ્પિટલ ખાતે સેવા મેળવતા બહોળા સમાજના સભ્યોમાં આ FAPનો વ્યાપક પ્રચાર કરવા માટે ઘણાં પગલાંઓ લેશે. આ પગલાંઓમાં નીચેનાંનો સમાવેશ થાય છે:

    a. *દર્દીની સંમતિ:* સ્વાસ્થ્યસંભાળ સેવાઓ માટે નોંધણી કરાવવા પર જેમાં હસ્તાક્ષર કરવામાં આવે છે તેવી સ્વાસ્થ્યસંભાળની સંમતિમાં એવા નિવેદનનો સમાવેશ થાય છે કે જો ચૅરિટીની સેવાઓ જરૂરી હોય તો હોસ્પિટલમાં પ્રવેશ કરતી વખતે અથવા જે તે વસ્તુનું બિલ કે સ્ટેટમેન્ટ મળે ત્યારે યોગ્યતાના નિર્ધારણની વિનંતી કરવી જોઈએ.

    b. *આર્થિક માર્ગદર્શન:* જો MHHSના દર્દીઓને હોસ્પિટલના તેમના હિસ્સાના બિલની ચૂકવણી કરવામાં મુશ્કેલી પડશે એવો અંદાજ આવે તો હોસ્પિટલના આર્થિક સલાહકાર તરફથી માહિતી મેળવવા માટે તેઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. જેઓ વીમા આવરણથી વંચિત હોય, અપૂરતું વીમા રક્ષણ ધરાવતા હોય, અથવા અમે જે સ્વાસ્થ્યસંભાળ સેવાઓ પૂરી પાડતાં હોઈએ તેની સાથે સંબંધિત અન્ય આર્થિક પડકારોનો સામનો કરી રહેલા દર્દીઓને સહાયતા કરવા માટે અમારા આર્થિક સલાહકારો દરેક શક્ય પ્રયાસ કરશે. સરકારી ભંડોળ પર ચાલતા વિવિધ કાર્યક્રમો માટેની યોગ્યતા નક્કી કરવા માટે, કામદારના વળતર અથવા જવાબદારીના દાવામાં સહાયતા કરવા માટે, લાંબા સમયગાળાની ચૂકવણીની યોજના નક્કી કરવા માટે અથવા દર્દીઓને આર્થિક સહાયતા માટે અરજી કરવામાં સહાયતા કરવા માટે આર્થિક સલાહકારો દર્દીઓની તપાસ કરી શકે છે.

    c. *સરળ ભાષામાં સાર અને અરજી:* MHHSની FAPના સરળ ભાષામાં સારની પેપર કૉપિ અને આર્થિક સહાયતા અરજીની પેપર કૉપિ સેવાના શક્ય એટલા વહેલા વ્યવહારિક સમય પર બધા દર્દીઓને ઉપલબ્ધ કરાવવામાં આવશે. MHHS એવી

વ્યવસ્થા કરશે કે કટોકટી વિભાગ અને નોંધણીનાં ક્ષેત્રોમાં વિનંતી કરવાથી આ દસ્તાવેજોની મફત પેપર કૉપિઝ ઉપલબ્ધ બને. મફત પેપર કૉપિઝ ટપાલથી પણ મંગાવી શકાય છે અથવા 713-338-5502 અથવા 1-800-526-2121 પર કૉલ કરીને મંગાવી શકાય છે, વિકલ્પ 5.

d. *અનૂવાદિત* કૉપિઝ *ઉપલબ્ધ છે:* MHHS તેની FAP, સરળ ભાષામાં સાર, આર્થિક સહાયતા અરજી, અને બિલિંગ અને વસૂલીની નીતિનાં ભાષાંતરો અંગ્રેજી ઓછું સમજી શકતા એવા લોકો માટે કરે છે, જેઓ તેની હોસ્પિટલ સુવિધાઓની સેવા મેળવતા સમાજના પાંચ ટકા (5%) અથવા 1,000 લોકો એ બેમાંથી જે સંખ્યા ઓછી હોય તેમનું પ્રતિનિધિત્વ કરતા હોય. MHHS આ દસ્તાવેજોની મફત કૉપિઝ MHHSની વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવશે અને તે કટોકટી વિભાગ અને હોસ્પિટલનાં નોંધણી ક્ષેત્રોમાં વિનંતી કરવાથી તે ઉપલબ્ધ થશે. મફત પેપર કૉપિઝ ટપાલથી પણ મંગાવી શકાય છે અથવા 713-338-5502 અથવા 1-800-526-2121 પર કૉલ કરીને મંગાવી શકાય છે, વિકલ્પ 5.

e. *જાહેરાતનાં પાટિયાં:* આર્થિક સહાયતાની જાહેરાતનાં બધાં પાટિયાં એવી જગ્યાઓ પર સ્પષ્ટપણે અને તરત નજરે પડે એવી રીતે રાખવામાં આવશે જેથી જનતા તેને જોઈ શકે. તેમાં MHHSના કટોકટી વિભાગ અને દર્દી નોંધણીનાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે, પરંતુ તે માત્ર તેનાં પૂરતાં જ મર્યાદિત નથી. જાહેરાતનાં પાટિયાં એવું સૂચવશે કે આર્થિક સહાયતા ઉપલબ્ધ છે અને વધુ માહિતી માટે આર્થિક સલાહકારનો સંપર્ક કરવા માટેના ફોન નંબરનો તેમાં સમાવેશ થશે.

f. *વેબસાઇટ:* MHHSની વેબસાઇટો મહત્ત્વની જગ્યાએ એવી નોટિસ પોસ્ટ કરશે કે આર્થિક સહાયતા ઉપલબ્ધ છે અને તેની સાથે આર્થિક સહાયતાની અરજી પ્રક્રિયાની સમજૂતી આપવામાં આવી હશે. MHHS FAP હેઠળ આવરી લેવામાં આવેલા અને ન આવરી લેવામાં આવેલા પ્રદાતાઓની યાદી, સરળ ભાષામાં સાર, આર્થિક સહાયતા અરજી, અને MHHSની વેબસાઇટ પર બિલિંગ અને વસૂલીની નીતિ સાથે આ FAP પોસ્ટ કરશે: http://www.memorialhermann.org/financialassistanceprogram/

g. *દર્દીનાં બિલો અને સ્ટેટમેન્ટ્સ:* દર્દીનાં સ્ટેટમેન્ટ્સમાં એવી વિનંતીનો સમાવેશ થશે કે દર્દી MHHSને કોઈ પણ ઉપલબ્ધ સ્વાસ્થ્ય વીમા કવરેજ વિશે જાણ કરવા માટે જવાબદાર છે; અને તેમાં MHHS FAPની નોટિસ, આર્થિક સહાયતાની વિનંતી કરવા માટેના ટેલિફોન નંબર અને જ્યાં આર્થિક સહાયતાના દસ્તાવેજો મેળવી શકાય એવા વેબસાઇટ સરનામાંનો સમાવેશ થશે.

h. ટપાલ અથવા ફૅક્સ: દર્દીઓ નીચેના સરનામે આ દસ્તાવેજોની મફત નકલો મેળવવા માટેની લેખિત વિનંતી ટપાલથી મોકલી શકે છે કે ફૅક્સ કરી શકે છે અને તેમાં વ્યક્તિના પૂરા નામ અને વળતી ટપાલના એવા સરનામાનો સમાવેશ કરી શકે છે જે સરનામે તેઓ MHHS તરફથી આ  કૉપિઝ મેળવવા ઇચ્છતા હોય.

મેમોરિયલ હરમૅન હેલ્થ સિસ્ટમ
ધ્યાન આપો: Financial Assistance
909 Frostwood
Suite 3:100
Houston, Texas 77024
ફૅક્સ: 713-338-6500

2. *યોગ્યતા નિર્ધારણ:* જેમાં આર્થિક જરૂરિયાતના વ્યક્તિગત આકલનનો સમાવેશ થતો હોય એવી કાર્યપ્રણાલીઓ અનુસાર આર્થિક સહાયતા નક્કી કરવામાં આવે છે. તે કાર્યપ્રણાલીઓ નીચે વર્ણવવામાં આવી છે:

   a. અનુમાનિત યોગ્યતા નિર્ધારણ નીચેના પ્રક્રિયા વિભાગ 4 માં વર્ણવવામાં આવેલા માપદંડો પ્રમાણે પૂરું કરવામાં આવે છે. જો દર્દી આર્થિક સહાયતા માટે યોગ્ય હોવાનું અનુમાન કરવામાં આવે તો આર્થિક સહાયતા અરજી કરવાની જરૂર રહેતી નથી. જોકે, દર્દી અથવા જામીન તપાસની પ્રક્રિયામાં સહકાર આપે અને અનુમાનિત યોગ્યતા નક્કી કરવા માટે સંબંધિત વ્યક્તિગત અથવા આર્થિક માહિતી અને દસ્તાવેજો પૂરા પાડે એવી અપેક્ષા રાખવામાં આવે છે;

b. આર્થિક સહાયતાની અરજી પ્રક્રિયા, જેમાં દર્દી અથવા જામીન સહકાર આપે અને આર્થિક જરૂરિયાત છે કે નહિ એ નક્કી કરવા માટે સંબંધિત વ્યક્તિગત અથવા આર્થિક માહિતી અને દસ્તાવેજો પૂરા પાડે એવી અપેક્ષા રાખવામાં આવે છે.

c. હોસ્પિટલમાંથી રજા આપતા અગાઉ સરળ ભાષાના સારાંશ તરીકે MHHSની FAP વિશે દર્દીને અધિસૂચના પૂરી પાડવાનો સમાવેશ કરવા માટે MHHS એ નક્કી કરવા માટે વાજબી પ્રયાસો કરશે કે વ્યક્તિ FAP માટે યોગ્ય છે કે નહિ. વધુમાં, MHHS દર્દીઓને MHHSની FAP વિશે જાણ કરવા માટે નીચેનાં પગલાંઓ લેશે:

i. *અધૂરી અરજીઓ:* જો દર્દી અને/અથવા કુટુંબીજનો અધૂરી અરજી સુપ્રત કરે તો MHHS પ્રારંભિક અરજી મળ્યાના પિસ્તાળીસ (45) દિવસોની અંદર એવી લેખિત અધિસૂચના પૂરી પાડશે જેમાં કઈ વધારાની માહિતી અથવા દસ્તાવેજો જરૂરી છે તેનું વર્ણન હશે.

ii. *દર્દીનાં સ્ટેટમેન્ટ્સ:* દર્દીનાં સ્ટેટમેન્ટ્સમાં એવા નિવેદનનો સમાવેશ થશે કે દર્દી MHHSને કોઈ પણ ઉપલબ્ધ સ્વાસ્થ્ય વીમા કવરેજ વિશે જાણ કરવા માટે જવાબદાર છે અને તેમાં MHHSની FAPની નોટિસ, આર્થિક સહાયતાની વિનંતી કરવા માટેના ટેલિફોન નંબર અને જ્યાં FAPના દસ્તાવેજો મેળવી શકાય એવા વેબસાઇટ સરનામાંનો સમાવેશ થશે.

iii. *MHHSની વેબસાઇટ:* MHHS'sની વેબસાઇટો મહત્ત્વની જગ્યાએ એવી નોટિસ પોસ્ટ કરશે કે આર્થિક સહાયતા ઉપલબ્ધ છે અને તેની સાથે આર્થિક સહાયતાની અરજી પ્રક્રિયાની સમજૂતી આપવામાં આવી હશે. MHHSની વેબસાઇટ પર:

http://www.memorialhermann.org/financialassistanceprogram/, MHHS FAP હેઠળ આવરી લેવામાં આવેલા અને ન આવરી લેવામાં આવેલા પ્રદાતાઓની યાદી, સરળ ભાષામાં સાર, આર્થિક સહાયતા અરજી, અને તેમની બિલિંગ અને વસૂલીની નીતિ સાથે આ FAP પોસ્ટ કરશે.

iv. *વિનંતી કરવાથી* ઉપલબ્ધ *દસ્તાવેજો:* MHHS FAP હેઠળ આવરી લેવામાં આવેલા અને ન આવરી લેવામાં આવેલા પ્રદાતાઓની યાદી, સરળ ભાષામાં સાર, આર્થિક સહાયતા અરજી, અને બિલિંગ અને વસૂલીની નીતિ

સાથે FAPની મફત પેપર કૉપિઝ કટોકટી વિભાગ અને નોંધણીનાં ક્ષેત્રોમાં રખાવશે જે વિનંતી કરવા પર ઉપલબ્ધ બનશે:

d. TransUnion અથવા Experian દ્વારા ક્રેડિટ સ્કોર સહિત દર્દી અથવા જામીનની ચૂકવણીની ક્ષમતા વિશેની માહિતી પૂરી પાડતા બાહ્ય સાર્વજનિક રીતે ઉપલબ્ધ ડેટાના સ્રોતોનો ઉપયોગ;

e. MHHS ખાતે અગાઉ આપવામાં આવેલી સેવાઓ માટે દર્દીનાં બાકી નીકળતાં મેળવવાપાત્ર નાણાંની સમીક્ષા અને દર્દીની ચૂકવણી અથવા ઘાલખાધનો ઇતિહાસ;

f. MHHS દ્વારા પૂરી પાડવામાં આવતી આર્થિક સહાયતાનાં સ્તરો આવક, કુટુંબના કદ અને FPL પર આધારિત હોય છે. વીમા આવરણથી વંચિત અને વીમા આવરિત એમ બંને પ્રકારના દર્દીઓ આર્થિક સહાયતા માટે અરજી કરી શકે છે; અને

g. આર્થિક સહાયતા માટે દર્દીની યોગ્યતા નીચેના માપદંડો પર આધારિત હશે અને દર્દીના આર્થિક દરજ્જા, લઘુકારક આર્થિક સંજોગો અને ત્રાહિત પક્ષકાર તરફથી સ્વાસ્થ્યસંભાળના લાભોની પ્રાપ્યતાના આધારે તેમાં વધઘટ થઈ શકે છે. સંઘીય સરકાર દ્વારા FPLના નિર્દેશો પ્રકાશિત કરવામાં આવ્યા બાદ યોગ્યતાના નિર્દેશોમાં દર વર્ષે સુધારો કરવામાં આવશે. નીચે આપેલા નિર્દેશો કરતાં વધી જતી આવકવાળા કુટુંબોની ચૂકવણી યોજનાની વિચારણા માટે તપાસ કરવામાં આવી શકે છે.

3. *આર્થિક સહાયતા માટે દર્દીની યોગ્યતા:* FPLsના આધારે આર્થિક સહાયતા માટે લાયક સાબિત થતા વીમા આવરણથી વંચિત અને અપૂરતું વીમા રક્ષણ ધરાવતા દર્દીઓને આપવામાં આવતું વળતર નક્કી કરવા માટે નીચેના માપદંડોનો ઉપયોગ કરવામાં આવશે. અપૂરતું વીમા રક્ષણ ધરાવતા દર્દીઓ ચૅરિટી માટે લાયક સાબિત થાય તે પહેલાં તેમના વીમાનું બિલિંગ થઈ જવું જોઈએ. આર્થિક સહાયતા માટે લાયક સાબિત થતાં દર્દીઓને આપવામાં આવતા વળતરની સમીક્ષા AGBની ટકાવારીની મર્યાદાઓ સામે કરવામાં

આવશે જેથી દર્દીઓ પાસેથી AGB કરતાં વધારે ચાર્જ લેવામાં આવે નહિ એની ખાતરી કરી શકાય.

a. **નિ:શુલ્ક સંભાળ**:

   i. જો વીમા આવરણથી વંચિત દર્દીનાં કુટુંબની કુલ વાર્ષિક આવક  કુલ આવક  પ્રમાણે આર્થિક સહાયતાની યોગ્યતાના કોષ્ટક (પુરાવો A - બિલની સામાન્ય રકમ ગણતરી)માં આપેલી હાલના સંઘીય ગરીબી નિર્દેશોના બસો ટકા (200%) બરાબર અથવા તેના કરતાં ઓછી હોય તો દર્દી (અથવા અન્ય જવાબદાર પક્ષકાર) મફત સંભાળ (100% વળતર) મેળવવા માટે હકદાર બનશે અને ખાતાના બેલેન્સનો કોઈ ભાગ કરજ તરીકે તેમના પર રહેશે નહિ.

   ii. જેઓ મેડિકેર દ્વારા પ્રાથમિક સ્વાસ્થ્ય કવરેજ ધરાવતા હોય અને મેડિકેઇડ દ્વારા દ્વિતિય કવરેજ માટે લાયક સાબિત થતા હોય એવા દર્દીઓ મેડિકેઇડને બિલિંગ કર્યા બાદ અને THMP અથવા પ્રબંધિત મેડિકેઇડ ચૂકવણીકર્તા તરફથી ન્યાયબદ્ધ દાવો મેળવ્યા બાદ વધતા કોઈ પણ બેલેન્સ પર સો ટકા (100%) વળતર મેળવશે.

b. **વળતર સાથેની સંભાળ**:

   i. જેમની કુલ વાર્ષિક કૌટુંબિક આવક હાલના સંઘીય ગરીબી નિર્દેશોના બસો ટકા (200%)થી વધારે હોય, પરંતુ ચારસો ટકા (400%)થી વધારે ન હોય એવા દર્દીઓ/લોકો વીમા આવરિત દર્દીઓને જેનું બિલ આપવામાં આવે છે તેવી સામાન્ય રકમ (AGB) પરના ચાર્જમાં વળતર મેળવવા માટે હકદાર હોઈ શકે છે.

   ii. પોતાનાં હોસ્પિટલનાં બિલો પર જેમનું બાકી એકાઉન્ટ બેલેન્સ નીકળતું હોય એવા દર્દીઓ જો નીચે પૈકીના તમામ માપદંડો પૂરા કરતા હોય તો વળતર મેળવવા માટે હકદાર હોઈ શકે છે: 1) બેલેન્સ વ્યક્તિની કુલ વાર્ષિક કૌટુંબિક આવકના દસ ટકા (10%)થી વધી જતું હોય; 2) તેઓ બાકી વધેલા બિલ

બેલેન્સનો સંપૂર્ણ અથવા આંશિક હિસ્સો ચૂકવી શકે તેમ ન હોય; અને 3) બિલ બેલેન્સ ઓછામાં ઓછું $5,000 હોય. આ સંજોગો હેઠળ, દર્દી અથવા જામીન FAPની પ્રક્રિયામાં સહકાર આપે અને યોગ્યતા નક્કી કરવા માટે સંબંધિત વ્યક્તિગત અથવા આર્થિક માહિતી અને દસ્તાવેજો પૂરા પાડે એવી અપેક્ષા રાખવામાં આવે છે. જો મંજૂરી મળે તો દર્દી બાકી વધતા પડતર એકાઉન્ટ બેલેન્સ માટે તેમની કુલ વાર્ષિક કૌટુંબિક આવકના દસ ટકા (10%) કરતાં વધારે નહિ એવી ચૂકવણી કરવા માટે જવાબદાર રહેશે, અથવા AGBનું વળતરલાગુ કરવામાં આવશે, બેમાંથી જે ઓછું હોય અને દર્દીની આર્થિક સ્થિતિ માટે સૌથી વધારે લાભદાયી હોય તે ધ્યાનમાં લેવામાં આવશે.

4. *અનુમાનિત યોગ્યતા:* નીચે જણાવેલા પૈકીના કોઈ એક માપદંડની હાજરીના આધારે આર્થિક સહાયતા માટે વીમા આરક્ષણથી વંચિત દર્દીઓને યોગ્ય ગણવામાં આવી શકે છે. ઓછામાં ઓછો એક માપદંડ પૂરો થતો હોવાનું દર્શાવવામાં આવ્યા બાદ આવકનો અન્ય કોઈ પુરાવો માંગવામાં આવશે નહિ. નીચેની યાદી એવા સંજોગોને રજૂ કરે છે જેમાં દર્દીની કૌટુંબિક આવક FPLના બે ગણાથી ઓછી હોય અને દર્દી તબીબી રીતે જરૂરી ચાર્જમાં સો ટકા (100%) ઘટાડા માટે લાયક હોય. વીમા આવરણથી વંચિત દર્દી માટે અનુમાનિત યોગ્યતાની તપાસ તબીબી રીતે જરૂરી સેવાઓ મેળવ્યા બાદ અને એવી સેવાઓ માટે કોઈ પણ બિલ ઇસ્યુ કરવામાં આવે તે પહેલાં શક્ય તેટલી જલ્દી પૂરી કરવામાં આવશે. જ્યારે સંભવિત અનુમાનિત યોગ્યતાના દરજ્જા વિશે જાણ કરવામાં આવે ત્યારે MHHS અનુમાનિત યોગ્યતાની સમીક્ષાની પ્રક્રિયા પૂરી થવા દરમિયાન ત્રીસ (30) દિવસો માટે કોઈ પણ પેશન્ટ સ્ટેટમેન્ટ પોતાની પાસે જાળવી રાખશે. થર્ડ પાર્ટી વીમો (મેડિકેઇડ જેવા રાજ્ય અથવા સ્થાનિક સહાયતાના કાર્યક્રમો સિવાય) ધરાવતા દર્દીઓની અનુમાનિત યોગ્યતા માટે વિચારણા કરવામાં આવશે નહિ અને તેઓ આર્થિક સહાયતા માટેની અરજી સુપ્રત કરે તે જરૂરી બનશે.

a. નીચેના માપદંડો પૂરા કરતા વીમા આવરણથી વંચિત દર્દીઓને કટોકટી અથવા તબીબી રીતે જરૂરી ચાર્જમાં સો ટકા (100%) ઘટાડા માટે અનુમાનિત રીતે લાયક ગણવામાં આવશે.

  i. બેઘર હોવું અથવા હોમલેસ ક્લિનિક પાસેથી સંભાળ મેળવવી;
  ii. સ્ત્રીઓ, શિશુઓ અને બાળકોના કાર્યક્રમો (WIC)માં સહભાગિતા;
  iii. ફૂડ સ્ટૅમ્પ એલિજિબિલિટી;
  iv. સપ્લિમેન્ટલ ન્યૂટ્રિશન આસિસ્ટન્સ પ્રોગ્રામ (SNAP);
  v. અન્ય રાજ્ય અથવા સ્થાનિક સહાયતાના કાર્યક્રમો માટેની યોગ્યતા (દા.ત. મેડિકેઇડનો ખર્ચ);
  vi. ઓછી આવક/સબસિડી પરનું ઘર માન્ય સરનામા તરીકે પૂરું પાડવામાં આવે;
  vii. તબીબી સેવાઓ માટે અનુદાનની સહાયતા મળવી;
  viii. માનસિક રીતે દર્દી સક્ષમ ન હોય અને તેમના તરફથી કોઈ કાર્યવાહી કરી શકે એવી વ્યક્તિ ન હોય;
  ix. હાલમાં વ્યક્તિગત રીતે દેવાળું ફૂંક્યું હોય;
  x. ફોજદારી સંસ્થામાં કારાવાસ;
  xi. કોઇ જાણીતી સંપત્તિ વિના દર્દી મૃત્યુ પામ્યા હોય; અથવા
  xii. ઈલેક્ટ્રૉનિક સ્કોરિંગ મોડેલ દ્વારા નક્કી કરવામાં આવ્યા પ્રમાણે (નીચે વર્ણન કરવામાં આવ્યું છે).

b. **ઈલેક્ટ્રૉનિક સ્કોરિંગ મોડેલ**: જ્યારે વીમા આવરણથી વંચિત દર્દી અથવા જામીન FAPની અરજી પૂરી ન કરે અથવા યોગ્યતા નક્કી કરવા માટે જરૂરી નાણાકીય દસ્તાવેજો પૂરા ન પાડે ત્યારે ઈલેક્ટ્રૉનિક સ્કોરિંગ મોડેલ (ESM)નો ઉપયોગ કરીને ખાતાની તપાસ કરવામાં આવી શકે છે, જેમાં આર્થિક વર્ગ, ચૅરિટીના અગાઉના સમાયોજન, રોજગાર, ઝિપ કોડ, ઉંમર, ચૂકવણીનો ઇતિહાસ, અગાઉની ઘાલખાધ, ખાતાનું બેલેન્સ અને પ્રવેશના સ્રોત વગેરેનો સમાવેશ કરનારા માપદંડોના આધારે સ્કોર તારવવામાં આવે છે. જો ESM સ્કોર એવું સૂચવતો હોય કે ખાતું FAP માટે યોગ્ય સાબિત થવાની ભારે સંભાવના છે તો વીમા આવરણથી વંચિત ખાતાને આ FAP અનુસાર FAP સંબંધિત વળતરઅનુમાનના આધારે આપવામાં આવશે.

5. *યોગ્યતાની સમયરેખા:*

    a. વીમા આવરણથી વંચિત દર્દીઓ માટે, આર્થિક સહાયતા અને યોગ્યતાનાં અનુમાનિત નિર્ણયો તમામ ખુલ્લાં સૅલ્ફ-પે બેલેન્સ અને સંભાળની હાલની ઘટનાઓ માટે પશ્ચાદ્વર્તી અસરથી અમલી બનશે. પ્રક્રિયા વિભાગ 3માં જણાવવામાં આવેલાં પરિબળોના આધારે દર્દીઓની યોગ્યતા નક્કી કરવામાં આવશે અને તાકીદે કે સમયસર ચૂકવણી કરવા બદલ તેમને કોઈ નુકસાન થશે નહિ. વધુમાં, જેઓ આર્થિક સહાયતા અરજી પૂરી કરે એવા દર્દીને છ મહિના માટે દૂરદર્શી અસરથી વધારાની આર્થિક સહાયતા મંજૂર કરવામાં આવશે અને તે માટે દર્દીએ કોઈ વધુ કાર્યવાહી કરવાની જરૂર પડશે નહિ. છ (6) મહિનાના સમયગાળા દરમિયાન દર્દીની આર્થિક સ્થિતિમાં કોઈ પણ ભારે ફેરફાર થાય કે જેનાથી આર્થિક સહાયતા માટેની યોગ્યતાના નિર્ધારણ પર અસર પડી શકે તો તે અંગે દર્દી આવા ફેરફારના ત્રીસ (30) દિવસોની અંદર MHHSને જાણ કરશે. કૌટુંબિક આવકમાં ભારે સુધારા વિશે જાણ કરવામાં દર્દી નિષ્ફળ જાય તો ભારે સુધારો થયા બાદ MHHS દ્વારા આર્થિક સહાયતાની કોઈ પણ જોગવાઈ રદબાતલ થઈ શકે છે.

6. *કટોકટીની અથવા તબીબી રીતે જરૂરી સેવાઓ:* આર્થિક સહાયતા હોસ્પિટલના વાતાવરણમાં આપવામાં આવતી કટોકટીની અથવા તબીબી રીતે જરૂરી સેવાઓ સુધી મર્યાદિત હોય છે. આ  વિભાગમાં આપેલી કોઈ પણ બાબતનો આશય દર્દીની ચૂકવણી કરવાની ક્ષમતા સાથે કોઈ સંબંધ વિના કટોકટી સમયની તબીબી સ્થિતિઓની સારવારનો આદર કરતાં સંઘીય અથવા રાજ્યના કાયદાઓ પ્રમાણેની MHHSની જવાબદારીઓ અથવા રીતભાતોમાં ફેરફાર કરવાનો નથી.

7. *અરજીની પ્રક્રિયા*

    a. *કેવી રીતે અરજી કરવી:* સહાયક દસ્તાવેજો સાથે આર્થિક સહાયતા અરજી પૂરી કરીને સુપ્રત કરવી જોઈએ. અરજીની મફત નકલો આ  લિંક પર MHHSની વેબસાઇટ પર ડાઉનલોડ માટે ઉપલબ્ધ છે: http://www.memorialhermann.org/financialassistanceprogram. કટોકટી વિભાગ

અને હોસ્પિટલનાં નોંધણી ક્ષેત્રોમાં પણ મફત પેપર કૉપિઝ ઉપલબ્ધ છે. મફત પેપર કૉપિઝ ટપાલથી પણ મંગાવી શકાય છે અથવા 713-338-5502 અથવા 1-800-526-2121 પર કૉલ કરીને મંગાવી શકાય છે, વિકલ્પ 5.

b. અરજદારો પૂરી થયેલી અરજી અને સહાયક દસ્તાવેજો હોસ્પિટલના આર્થિક સલાહકારને મોકલી શકે છે અથવા નીચે આપેલા સરનામે ટપાલથી મોકલી શકે છે. દર્દીઓ ઇન્ફર્મેશન ડેસ્ક પર જઈને અને હોસ્પિટલના આર્થિક સલાહકાર સાથે વાત કરવાની વિનંતી કરીને આર્થિક સલાહકાર સુધી પહોંચી શકે છે. અરજીની પ્રક્રિયા વિશેના પ્રશ્નો માટે, અરજી પૂરી કરવામાં સહાયતા માટે, અથવા સુપ્રત કરેલી અરજીની સ્થિતિ તપાસવા માટે હોસ્પિટલના આર્થિક સલાહકારો હોસ્પિટલમાં રૂબરૂમાં સહાયતા કરવા માટે હાજર હોય છે અથવા તમે 713-338-5502 કે 1-800-526-2121 પર કૉલ કરી શકો છો, વિકલ્પ 5.

c. પૂરી કરેલી અરજીઓ કયા સરનામે મોકલવી:

મેમોરિયલ હરમૅન હેલ્થ સિસ્ટમ
ધ્યાન આપો: Financial Assistance
909 Frostwood
Suite 3:100
Houston, Texas 77024

- અથવા -

ફૅક્સ: 713-338-6500

d. આર્થિક સહાયતા અથવા અનુમાનિત યોગ્યતા માટે વિચારણાની વિનંતીઓ અરજીના સમયગાળાની અંદર નીચે પૈકીની કોઈ પણ વ્યક્તિ દ્વારા શરૂ કરવામાં આવી શકે છે: (i) દર્દી અથવા જામીન; (ii) દર્દી અથવા જામીનના પ્રતિનિધિ; (iii)

દર્દી/અરજી તરફથી MHHSના પ્રતિનિધિ; અથવા (iv) દર્દીને સારવાર આપતા ફિઝિશિયન.

e. આ FAPમાં અન્યત્ર જેની રૂપરેખા આપેલી છે એવી વિચારણાઓને ધ્યાનમાં લીધા વિના, આર્થિક સહાયતાની અરજી પ્રક્રિયામાં પૂરેપૂરો સહકાર આપવો અને તેમાં સંપૂર્ણપણે ભાગ લેવો એ દર્દીની જવાબદારી છે. આમાં કોઈ પણ ઉપલબ્ધ ત્રાહિત પક્ષના સ્વાસ્થ્ય કવરેજ વિશે માહિતી પૂરી પાડવી; સરકાર અથવા અન્ય કાર્યક્રમો દ્વારા ભંડોળ માટે અરજી કરવા માટે અથવા અન્ય આર્થિક સહાયતા માટે દર્દીની યોગ્યતા નક્કી કરવા માટે જરૂરી તમામ દસ્તાવેજો અને પ્રમાણપત્રો સમયસર અને સ્પષ્ટતાપૂર્વક પૂરા પાડવા (દા.ત., મેડિકેર, મેડિકેઇડ, ત્રાહિત પક્ષની જવાબદારી, ગુનાના પીડિતોનું ભંડોળ, વગેરે)નો સમાવેશ થાય છે. આમ કરવામાં નિષ્ફળ જવાથી દર્દીની આર્થિક સહાયતા અરજી વિશેની વિચારણા પર વિપરીત અસર થઈ શકે છે. અનિવાર્ય સંજોગો અંગે MHHSનું ધ્યાન દોરવામાં આવે નહિ તે સિવાય MHHSની વિનંતીના ત્રીસ (30) દિવસોની અંદર દર્દીઓને માહિતી, પ્રમાણપત્રો અને દસ્તાવેજો પૂરા પાડવાનું કહેવામાં આવે છે. અનુમાનિત યોગ્યતાના કિસ્સાઓના અપવાદ સિવાય આર્થિક સહાયતા માટેની અરજી દર્દીએ (અથવા જામીન/પ્રતિનિધિ) પૂરી કરવી જોઈએ અને દર્દીએ સહી કરવી જોઈએ.

f. આર્થિક સલાહકાર અરજદારને આર્થિક સહાયતા માટે અરજી કરવાની પ્રક્રિયામાં સહાયતા કરી શકે છે. જો દર્દી મૃત્યુ પામ્યા હોય અને જવાબદાર પક્ષની ઓળખ થઈ ન હોય તો MHHSના પ્રતિનિધિ વિનંતી ઊભી કરી શકે છે અને ઉપલબ્ધ માહિતી અને દસ્તાવેજોનો ઉપયોગ કરીને અરજી પૂરી કરી શકે છે.

8. *કૌટુંબિક આવક:*

a. કૌટુંબિક આવક નક્કી કરવા માટે દર્દી નીચે પૈકીના એક કે વધુ દસ્તાવેજો પૂરા પાડવાની જરૂર પડી શકે છે, જો આવા દસ્તાવેજો ઉપલબ્ધ હોય તો. જો દર્દીના કુટુંબમાં રોજગારી ધરાવતા એકથી વધારે લોકો હોય તો દરેક વ્યક્તિએ નીચે પૈકીના એક કે વધુ દસ્તાવેજો સુપ્રત કરવા જોઈએ:

i. સૌથી તાજેતરમાં ફાઇલ કરેલું ફેડરલ ઇન્કમ ટૅક્સ રિટર્ન;
ii. સૌથી તાજેતરના W-2 અને 1099 ફૉર્મ;
iii. પગારની સૌથી તાજેતરની રસીદ (અથવા, જો લાગુ પડતું હોય તો, બેરોજગારીના સ્ટેટમેન્ટ, સામાજીક સુરક્ષાના પત્રની કૉપિ, વગેરે);
iv. જો રોકડમાં ચૂકવણી કરવામાં આવી હોય તો નિયોજક તરફથી સ્ટેટમેન્ટ; અથવા
v. કૌટુંબિક આવક વિશે ત્રાહિત પક્ષ તરફથી અન્ય કોઈ પણ ખરાઈ.

b. જો દર્દીએ ઉપર સૂચિત પ્રત્યેક કુટુંબીજન (દર્દી સહિત) માટે આવક દર્શાવતા દસ્તાવેજો પૈકીનો ઓછામાં ઓછો એક દસ્તાવેજ પૂરો પાડ્યો હોય અને પ્રમાણપત્રમાં સહી કરી હોય તો અથવા પ્રમાણપત્રમાં સહી કરનાર દર્દી આવા દસ્તાવેજો પૂરા પાડવામાં નિષ્ફળ જાય તો દસ્તાવેજો પૂરા પાડવામાં નિષ્ફળતાના આધારે આર્થિક સહાયતા માટેની અરજી અધૂરી ગણવામાં આવશે નહિ.

c. અનુમાનિત યોગ્યતાના કેસો સિવાય અરજદારે અરજીના પ્રમાણપત્રમાં સહી કરવાની રહેશે. જો બાદમાં પુરાવો એવું દર્શાવે કે અરજદારે નક્કરપણે ખોટી માહિતી પૂરી પાડી હતી તો MHHS નિર્ણય રદબાતલ કરી શકે છે અથવા બદલી શકે છે.

*વધારાના દસ્તાવેજો:* MHHSની FAP માટે સંપત્તિ અથવા ખર્ચના દસ્તાવેજીકરણની આવશ્યકતા નથી. જોકે, અરજદારો સંપત્તિ, ખર્ચ, આવક, બાકી નીકળતાં ઋણ અથવા અન્ય સંજોગો કે જે આ  FAP અનુસાર દર્દીઓ અન્યથા લાયક હોય તેવી રકમ બરાબર અથવા તેનાથી વધારે રકમની આર્થિક સહાયતાની વિનંતીને અનુમોદન આપે એવી આર્થિક હાડમારી બતાવી શકે એવા અન્ય સંજોગો વિશે વધારાના દસ્તાવેજો પૂરા પાડવાનું પસંદ કરી શકે છે.

9. *ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી માહિતી:* જો એવો નિર્ણય લેવામાં આવે કે તબીબી ખર્ચાઓ ચૂકવી શકવાની પોતાની ક્ષમતા બાબતે અરજદારે ઈરાદાપૂર્વક નક્કરપણે ખોટી કે ગેરમાર્ગે દોરનારી માહિતી પૂરી પાડી છે તો MHHS દર્દીની હાલની કે ભાવિ અરજીઓ નકારી શકે છે. બદદાનતના અભાવે પૂરી પાડવામાં આવેલી ખોટી માહિતીના કિસ્સામાં

MHHS સુધારેલી માહિતીના આધારે પોતાનો નિર્ણય લેશે. જો દર્દીએ નક્કરપણે ખોટી માહિતી પૂરી પાડી હોય તેના આધારે આર્થિક સહાયતા પહેલેથી મંજૂર કરવામાં આવી ચૂકી હોય તો MHHS આર્થિક સહાયતાની પૂર્વમંજૂરી રદ કરી શકે છે, જે સ્થિતિમાં MHHS કોઈ પણ બાકી નીકળતી રકમ અંગે દર્દી પાસેથી વસૂલી કરવાના તમામ કાનૂની અધિકારો સુરક્ષિત રાખે છે. જો નક્કરપણે ખોટી માહિતી આપવાની પ્રક્રિયા ઈરાદાપૂર્વકની ન હોય તો MHHS સુધારેલી માહિતીના આધારે નિર્ણયમાં સુધારો કરી શકે છે.

**પ્રતિસંદર્ભો:**

દર્દી રવાનગી નીતિ (EMTALA અને ટૅક્સાસ ટ્રાન્સફર ઍક્ટ અનુપાલન)
આર્થિક સહાયતાનો સરળ ભાષામાં સાર
આર્થિક સહાયતા અરજી
બિલિંગ અને વસૂલીની નીતિ

**<u>પુરાવાઓ:</u>**

પુરાવો A - બિલની સામાન્ય રકમની ગણતરી

પુરાવો B - સંઘીય ગરીબીની માર્ગદર્શિકાઓ

*આગામી પાન પર ચાલુ.*

## પુરાવો A - બિલની સામાન્ય રકમની ગણતરી

બિલની સામાન્ય રકમ એ બિલિંગ અને કોડિંગની એવી પ્રક્રિયા પર આધારિત છે જેનો MHHS દ્વારા કટોકટીની અથવા તબીબી રીતે જરૂરી સેવાઓ માટે મેડિકેઅર શુલ્ક સાથેની સેવા માટે ઉપયોગ કરવામાં આવે છે. મેડિકેર દ્વારા કુલ માન્ય ચૂકવણીને આવા દાવાઓ માટેના કુલ બિલના ચાર્જ વડે ભાગવામાં આવશે અને તે સંખ્યાને 1માંથી બાદ કરીને AGBની ટકાવારી ગણવામાં આવશે.

**IP (ઇનપેશન્ટ) માટે AGB % = મેડિકેર દ્વારા IP માટે માન્ય ચૂકવણી / મેડિકેર IPનો કુલ ચાર્જ**

**OP (આઉટપેશન્ટ) માટે AGB % = મેડિકેર દ્વારા OP માટે માન્ય ચૂકવણીઓ / મેડિકેર OPનો કુલ ચાર્જ**

દર વર્ષે દરેક હોસ્પિટલ માટે અલગથી AGB ગણવામાં આવે છે, પરંતુ તમામ હોસ્પિટલોમાંથી MHHSની બધી હોસ્પિટલો લઘુત્તમ AGB ટકાવારી અપનાવશે.

| સુવિધા | ઇનપેશન્ટ | આઉટપેશન્ટ |
|---|---|---|
| મેમોરિયલ હરમૅન ગ્રેટર હાઇટ્સ હોસ્પિટલ | 33% | 13% |
| મેમોરિયલ હરમૅન - ટેક્સાસ મેડિકલ સેન્ટર | 30% | 21% |
| મેમોરિયલ હરમૅન કૅટી હોસ્પિટલ | 31% | 11% |
| મેમોરિયલ હરમૅન રિહેબિલિટેશન હોસ્પિટલ - કૅટી | 46% | 17% |
| મેમોરિયલ હરમૅન મેમોરિયલ સિટી મેડિકલ સેન્ટર | 30% | 13% |
| મેમોરિયલ હરમૅન નૉર્થઇસ્ટ હોસ્પિટલ | 33% | 13% |
| મેમોરિયલ હરમૅન સાઉથઇસ્ટ હોસ્પિટલ | 34% | 12% |
| મેમોરિયલ હરમૅન સાઉથવેસ્ટ હોસ્પિટલ | 30% | 13% |
| મેમોરિયલ હરમૅન શુગર લેન્ડ હોસ્પિટલ | 31% | 12% |
| મેમોરિયલ હરમૅન ધ વૂડલૅન્ડ્ઝ મેડિકલ સેન્ટર | 32% | 11% |
| TIRR મેમોરિયલ હરમૅન | 31% | 22% |

નાણાકીય વર્ષ 2020 (જુલાઈ 2019 – જૂન 2020) AGBની રકમ નીચે પરડ્માણે છે:

**બિલની સામાનય રકમ OP: 11%**

**બિલની સામાનય રકમ IP: 30%**

આગામી પાના પર ચાલુ.

## પુરાવો B - સંઘીય ગરીબીના નિર્દેશો

કુલ માસિક આવકના આધારે આર્થિક સહાયતાની યોગ્યતાનું કોષ્ટક ત્યારે સુધારવામાં આવે છે, જ્યારે સંઘીય ગરીબી નિર્દેશોમાં ફેરફારો કરવામાં આવે. કોષ્ટક દર વર્ષે અપડેટ કરવામાં આવે છે.

કુલ માસિક આવકના આધારે આર્થિક સહાયતાની યોગ્યતાના કોષ્ટકનો અર્થ છે હાલની આવકનું એવું કોષ્ટક જેનો ઉપયોગ MHHS દ્વારા આ FAP હેઠળ આર્થિક સહાયતાની યોગ્યતા નક્કી કરવા માટે થાય છે.

કુલ માસિક કૌટુંબિક આવકના આધારે આર્થિક સહાયતાની યોગ્યતાનું કોષ્ટક સંઘીય ગરીબી નિર્દેશો અને હૅરિસ કાઉન્ટી હોસ્પિટલ ડિસ્ટ્રિક્ટ યોગ્યતા કોષ્ટક પર આધારિત હોય છે, જે સંબંધિત સરકારી એજંસીઓ દ્વારા સમયે સમયે સુધારવામાં આવે છે અને આ કથિત કોષ્ટક સમીક્ષા માટે ઉપલબ્ધ છે.

કૃપા કરીને નીચેનું કોષ્ટક જુઓ:

| **મેમોરિયલ હરમૅન હેલ્થ સિસ્ટમ**<br>કુલ આવકના આધારે આર્થિક સહાયતાની યોગ્યતાનું કોષ્ટક | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 2020સંઘીય ગરીબી નિર્દેશો (FPG)<br>કુટુંબના કદના આધારે આર્થિક સહાયતા માટે યોગ્ય હોવા માટે કુલ વાર્ષિક અથવા માસિક આવક. | | | | | | |
| | FPGના 100% | | FPGના 200% | | 400% FPG | |
| કુટુંબનું કદ | વાર્ષિક આવક | માસિક આવક | વાર્ષિક આવક | માસિક આવક | વાર્ષિક આવક | માસિક આવક |
| 1 | $12,760 | $1,063 | $25,520 | $2,127 | $51,040 | $4,253 |
| 2 | $17,240 | $1,437 | $34,480 | $2,873 | $68,960 | $5,747 |
| 3 | $21,720 | $1,810 | $43,440 | $3,620 | $86,880 | $7,240 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 4 | $26,200 | $2,183 | $52,400 | $4,367 | $1,04,800 | $8,733 |
| 5 | $30,680 | $2,557 | $61,360 | $5,113 | $1,22,720 | $10,227 |
| 6 | $35,160 | $2,930 | $70,320 | $5,860 | $1,40,640 | $11,720 |
| 7 | $39,640 | $3,303 | $79,280 | $6,607 | $1,58,560 | $13,213 |
| 8 | $44,120 | $3,677 | $88,240 | $7,353 | $1,76,480 | $14,707 |

*8થી વધુ વ્યક્તિઓના કૌટુંબિક એકમો માટે સંઘીય ગરીબી સ્તર નક્કી કરવા માટે દરેક વધારાની વ્યક્તિ માટે $4,480 ઉમેરો.*